CS 27

૧૯.૧૦.૧૮

CP-48

પ્રતિ,

ચેરમેનશ્રી,

મેગા કંપની, ગાંધીનગર.

મેટ્રોલીંક એકસપ્રેસ, અમદાવાદ-ગાંધીનગર (મેગા) કંપની લિ, ધ્વારા જમીન સંપાદન અને પુનઃ વસવાટની કામગીરી અંગે નીચેના બે મુદ્દાઓ પરત્વે સ્પષ્ટતા માંગેલ છે.

(૧) ભારત સરકાર ધ્વારા જમીન સંપાદન અધિનિયમ અને પુનઃસ્થાપન કાયદો-30/૨૦૧૩ અમલમાં છે. તેમાં ગુજરાત સરકારે કલમ-૩૧-એ નવી દાખલ કરેલ છે. જે લીનીયર પ્રોજેકટ માટે પુનઃ વસવાટમાં ચુકવણું કરવા અંગેની છે. તેમાં જમીન સંપાદનના ૫૦ ટકા વળતર તરીકે પુનઃ વસવાટ માટે આપવાની જોગવાઇ છે. આ અધિનિયમ અન્વયે ગુજરાત સરકારે નિયમો બહાર પાડેલ છે કે કેમ ?

આ બાબતે ખાતરી કરતાં મહેસૂલ વિભાગ ધ્વારા જમીન સંપાદન અને પુર્નવસન વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત)નિયમો-૨૦૧૭ બહાર પાડેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે અને તેનો અમલ તાઃ૧૩-૧૦-૨૦૧૭ના ગેઝેટથી ગુજરાત સરકાર ધ્વારા તેમજ હાઇસ્પીડ રેલવે ધ્વારા કરવામાં આવી રહેલ છે. (નકલ સામેલ છે) (૧)

(૨) કલમ-૩૧ (એ) માં કરેલો સુધારો મેગા કંપનીને લાગુ પાડેલ છે કે કેમ ?

આ બાબતે કંપનીની ૩૦મી બોર્ડ મીટીંગની મીનીટ્સ જોતાં રાજય સરકારના ધોરણે આ કાયદાનો અમલ કરવાનું સ્વીકારેલ છે. આ અંગે રાજય સરકારે બહાર પાડેલ અને અમલી નિયમોનો નિયમ-૨૯ જોતાં તેમાં દિર્ઘકાલીન પરિયોજના માટે અધિનિયમની કલમ-૨૭ હેઠળ નકકી કર્યા પ્રમાણેના વળતરની રકમના ૫૦ ટકા પુનઃ સ્થાપન ખર્ચ તરીકે ચુકવવાના રહેશે. (Shall Pay) તેથી તેનો અમલ કરવાનો રહે છે.

ઉપરોકત વિગતોથી વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વિનય વ્યાસા)